- ★ આગળ વ્યસન ચાલુ રાખતા મોં બંધ થવા માંડે છે, ગલોફામાં દોરડા જેવા ઊભા બેન્ડ દેખાય છે, ગલોફામાં દાંત ઘસાવાથી ચાંદા તેમજ ગાંઠ પડી જાય છે, ડહાપણ દાઢ અથવા તો છેલ્લી દાઢની આજુ - બાજુ પેઢુ ગંધાય જાય છે, કાનમાં ધાક પડે છે, હોઠ સુકા થઈ કડક થઈ જાય છે અને ગાલની બહારથી ખાડા દેખાવા માંડે છે, જીભ બહાર નીકળતી ઓછી થઈ જાય છે, મોં ઓછુ ખુલવાને લીધે દાંતમાં બરાબર બ્રશ કરી શકાતુ નથી, આના કારણે દાંતમાં સડો થાય છે, તથા પેઢાનાં રોગો લાગુ પડે છે, ગાલની કડક થઈ ગયેલી ચામડીમાં ડહાપણ દાઢ ઘસાવાથી ત્યાં વારંવાર ચાંદા પડે છે, જે ઘણી વખત ન રુઝાતા કેન્સરનાં ચાંદામાં પરિણમે છે. લાંબા ગાળાનાં આવા વ્યસનથી પેટનાં રોગો જેવા કે એસીડીટી, અપચો કે કબજીયાત રહે છે.

★ <u>નિદાન :-</u>

- ★ ૩ થી ૭.૬% SMF નાં દર્દીમાં કેન્સર જોવા મળે છે, જેની તપાસ જડબાનાં સર્જન કરી આપે છે. સામાન્ય રીતે SMFનું નિદાન દર્દીને તપાસવાથી જ થઈ જાય છે. આ ઉપરાંત દર્દીનાં મોંની અંદરની તપાસ કરી રીએકશન વાળી ચામડીનો ટુકડો (BIOPSY) લઈ લેબોરેટરીમાં મોકલવાથી પાકો રીપોર્ટ મળી શકે છે. આ જ રીપોર્ટથી મોઢાનું કેન્સર છે કે નહીં તે પણ જાણી શકાય છે.

★ <u>સારવાર :-</u>

- ★ SMF ની સારવાર બે રીતે કરવામાં આવે છે. (૧) નોન સર્જીકલ સારવાર (૨) સર્જીકલ સારવાર
- ★ નોન સર્જીકલ સારવારમાં દર્દીએ પહેલા તમામ પ્રકારનાં વ્યસન જેવા કે સોપારી, કાથો, ચુનો, તમાકુ વગેરેનો સદંતર ત્યાગ કરવાનો હોય છે. જે લોકોમાં વીટામીનની ઉણપ હોય છે, અને જે લોકો સામાન્ય ખોરાક પૂરતા પ્રમાણમાં ન લઈ શકતા હોય, તેમને વીટામીન સપ્લીમેન્ટ આપવામાં આવે છે. મોં ની અંદર ચામડીમાં યોગ્ય પેસ્ટ લગાવવાથી ચાંદા ઓછા થઈ જાય છે, જેથી તેની બળતરા પણ ઓછી થાય છે, મોં ની અંદર ચામડીમાં ઈન્જેકશન આપવાથી પણ બળતરા ઓછી થાય છે, અને અમુક દર્દીને મોઢું ખોલવામાં પણ ફાયદો થાય છે, દાંતના ડોકટર પાસે દાંત સાફ કરાવી લેવાથી તેમના પર રહેલા સોપારી તથા તમાકુના થર દુર થઈ જાય છે, અને મોંની અંદરની ચોખ્ખાઈ પણ સુધરે છે, મોં ખોલવાની કસરત નિયમિત રીતે ઓછામાં ઓછી ૪-૬ મહિના સુધી કરવામાં આવતા મોઢું વધુ ખુલી શકે છે.
- ★ અમુક દર્દીઓમાં જેમાં રોગ ઘણો આગળ વધી ગયો હોય કે જેમાં નોન - સર્જીકલ સારવારથી સુધારો ન થાય તો તેવા દર્દીમાં સર્જીકલ સારવાર શરુ કરવામાં આવે છે, જેમાં સૌ પ્રથમ છેલ્લી ડહાપણની દાઢ જો ચામડીમાં ઘસાતી હોય અથવા તો તેનાં લીધે ચાંદા પડતા હોય તો તેને એનેસ્થેસિયા આપી કાઢી નાખવામાં આવેછે, આ યોગ્ય ડહાપણ દાઢ કાઢી નાખવાથી